R.N.I. No. : GUJGUJ/2000/447-



અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 47 DATE: 25-11-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ઇવીએમ માં ગરબડ હોવાનું ચુંટણી પંચે સ્વીકાર્યુ : શિવસેના એ સવાલો કર્યા

યુપીમાં નગરનિગમોની ચુંટણી દરમિયાન ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન(ઈવીએમ)માં ગરબડનો દાવો કરવામાં આવ્યો છે.આ દાવાને લઈને સોશિયલ મીડીયા પર એક વીડીયો વાયરલ થઈ રહ્યો છે.વીડીયોમાં દાવો કરાયો છે કે જ્યારે હાથીના નિશાનની સામેવાળું બટન દબાવવામાં આવ્યું તો લાઈટ કમળના નિશાન સામે જોવા મળી હતી. આ અંગે હવે ચુંટણી પંચે નિવેદન આપ્યું છે. યુપીના ચુંટણી પંચે સ્વીકાર્યું છે કે ઈવીએમમાં ગરબડ હતી ખરી પરંતુ મત ભાજપને મળ્યા નથી.

આ વીડીયો વાયરલ થયા પછી મહારાષ્ટ્રમાં ભાજપના સાથી પક્ષ શિવસેનાએ ઉત્તરપ્રદેશની યોગી સરકાર અને ભાજપ અંગે સવાલો કર્યા છે.શિવસેનાએ તેમના મુખપત્ર સામનાના સંપાદકીયમાં લખ્યું છે કે યુપીની નગરનિગમોની ચુંટણીમાં અનેક સ્થળો એ જોવા મળ્યુ છે કે કોઈપણ બટન દબાવાથી વોટ ભાજપને મળ્યો છે. સામનામાં સીએમ યોગી પર નિશાન સાધતા કહેવામાં આવ્યુ છે કે જ્યારે સીએમ યોગી ઈવીએમ સ્પર્શ કરીને મતદાન કરીને બહાર આવે છે ત્યારે એવો દાવો કરે છે કે જાણે ભગવાનના ચરણસ્પર્શ કરીને આવ્યા હોચ અને જનતાને દાવા સાથે કહે છે કે જીતશે તો ભાજપ જ.કોંગ્રેસે આ મામલે ભાજપ પર નિશાન સાધતાં કહ્યુ હતું કે ઈવીએમ માં ગરબડના આરોપો શા માટે ભાજપ પર જ લાગે છે. શા માટે ફરિયાદમાં એવું આવે છે કે બટન દબાવતાં વોટ ભાજપને મળે છે ?દર વખતે આરોપો અંગે ભાજપ ચુપ રહેશે ?કોંગ્રેસે એક નિવૃત જજની દેખરેખમા આવા કેસોની ઈવીએમની તપાસ કરાવવા માંગ કરી છે.વાસ્તવમાં આ સમગ્ર મામલો મેરઠ જિલ્લાનો છે. મેરઠની નગર નિગમની ચુંટણીમાં એક મતદારે દાવો કર્યો હતો કે બટન કોઈપણ દબાવો વોટ ભાજપને જ મળે છે.મતદાર તસલીમે કહ્યુ હતું. નગર નિગમ ચુટણીમાં મેરઠના રશીદનગર વિસ્તારમાં જે.કે પબ્લીક સ્કુલમાં હુ મારી માતા સાથે વોટઆપવા ગયો હતો. જ્યારે મે હાથીના નિસાન પર બટન દબાવ્યુ ત્યારે લાઈટ ભાજપના કમળ પર થતી હતી.જો કેકલેકટર સમીર વર્મોએ આ મેગે તપાસની સુચના આપી હતી અને મશીન બદલી નાંખવામાં આવ્યુ હતું.

## આધારનું ફરજીયાત લિન્કીંગ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો : સુબ્રમણ્યમ સ્વામી

આધાર નંબરને મોબાઈલ ફોન સાથે ફરજીયાતપણે જોડવાના સરકારનો તુણમુલ નેતા મમતા બેનરજી પછી ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ વિરોધ કર્યો છે.સ્વામીએ જણાવ્યુ હતું કે જુદી જુદી સરકારી સ્કીમોનો લાભ લેવા માટે તેમજ ટેલીકોમ સેવામાં મોબાઈલ ફોન નંબર સાથે આધાર નંબર જોડવાનું રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરા સમાન છે.સુપ્રીમ કોર્ટે આ જોગવાઈ રદ કરવી જોઈએ. તેઓ પીએમ મોદીને આ મુદ્દે પત્ર લખવાના છે. સ્વામીએ કહ્યુ કે તેને મરજીયાત બનાવવા સુપ્રીમ કોર્ટે મહત્વનું પગલું લેશે. ડીપાર્ડ.ઓફ ટેલી કોમ્યુનીકેશન દ્વારા નંબરો ૨૩ માર્ચ સુધીમાં આધાર સાથે લિન્ક કરવા કહેવાયું છે.અગાઉ મમતા બેનરજીએ મોબાઈલ ફોન નંબરને આધાર સાથે જોડવાની વાતને સુપ્રીમ કોર્ટમાં પડકારી હતી. સુપીરમ કોર્ટે મમતા બેનરજીને આડે હાથ લઈને કહ્યુ હતુંકે કોઈ રાજ્ય કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારે. બેનરજીને કોઈ સમસ્યા હોય તો તેળો વ્યક્તિગત રીતે કોર્ટમાં ફરિયાદ કરે. કેન્દ્રની નીતિઓના વિરોધમાં મમતા બેનરજીએ ૨૫ ઓકટો. તેમનો મોબાઈલ નંબર આધાર સાથે નહી જોડવા ચીમકી આપી હતી અને સુપ્રીમ માં પડકાર ફેક્યો હતો.

## બાગપતમાં ત્રણ મોલવીઓ સાથે મારપીટ કરી ચાલુ ટ્રેનમાંથી ફેંકી દેવાયા

યુપીના બાગત જિલ્લામાં ત્રણ મોલવીઓને કેટલાક શક્તિશાળી લોકોએ ચાલતી ટ્રેનમાંથી તેમની સાથે મારપીટ કરી તેમને ચાલુ ટ્રેને બહાર ફેંકી દેવાયા હતા.તેઓને હોસ્પીટલમાં દાખલ કરાયા હતા.મોલવીઓના ગામના લોકોએ હુમલાખોરોની ધરપકડની માંગ સાથે બાગપત પોલીસ સ્ટેશન ખાતે હોબાળો મચાવ્યો હતો.પોલીસ સાત દબંગો વિરુધ્ધ એફઆઈઆર નોધી છે.ત્રણેય મોલવી બાગપત જિલ્લાના અહેડા ગામના રહેવાસી છે.ઘાયલ ઈસરારે કહ્યુ હતું કે તેમના બે સાથીઓ સાથે તેઓ દિલ્હી મરકજ મસ્જીદ જો ગયા હતા. ત્યાંથી તેઓ પેસેન્જર ટ્રેનમાં અહેડા પરત આવી રહ્યા હતા.ટ્રેનમાં મામુલી વાતમાં આ દબંગોએ તેમની સાથે ઝગડો કર્યો હતો.મામલો શાંત પણ થઈ ગયો હતો. પરંતુ તેઓ અહેડા પહોચવામાં હતા ત્યારે ઉપરની સીટ પર બેઠેલા દબંગોએ ગાળાગાળી શરુ કરી હતી. અને ટ્રેનેનો ગેટ બંધ કરીને મારપીટ શરુ કરી હતી.સાત હુમલાખોરોએ લોખંડના સળીયાથી મારપીટ કરી હતી. અને રેલવે સ્ટેશન પર ફેકી દીધા હતા.દિવસે દિવસે યુપીમાં ગુંડાગીરીનું વર્ચસ્વ વધી રહ્યું છે. હવે કાયદો વ્યવસ્થા નુ રાજ યુપીમાં લુપ્ત થવા લાગ્યું છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## ભાજપના સાંસદ અને અભિનેતા શત્રુધ્નસિંહાએ કેન્દ્રીય પ્રધાનોને મનોરોગીનું ટોળું ગણાવી ભાજપ પર આકરા પ્રહારો કયા

ભાજપના સાંસદ અને અભિનેતા શત્રુધ્નસિંહાએ ભાજપના માળખા અને આંતરિક આયોજનો પર આકરા વાકબાણ છોડ્યા હતા.તેમણે કહ્યુ હતું કે ભાજપ સરકારમાં ૯૦ ટકાને કોઈ ઓળખતુ નથી અને બાકી ૧૦ ટકાનું કોઈ માન સન્માન નથી.પટના સાહિબમાંથી ચુંટાયેલા આખાબોલા સિંહાએ મોદીના પ્રધાનોને મનોરોગીનું ટોળુ ગણાવ્યા હતા.જેમાં ૯૦ ટકા લોકોને કોઈ ઓળખતા નથી.ટોળામાં કોઈ તેમને ઓળખતું નથી.તેઓ કોઈ રચનાત્મક કાર્યો કરવા આવ્યા નથી તેઓ પોતાનું અસ્તિત્વ ટકાવવા ઝઝુમી રહ્યા છે.સિંહાએ કહ્યુ કે બુધ્ધિજીવીઓની હત્યા થઈ રહી છે.અને હવે જસ્ટીસની હત્યા કરાઈ છે. પણ મીડીયામાં તેની યોગ્ય રીતે નોંધ લેવાતી નથી કારણકે જનતંત્ર કરતાં ધનતંત્ર વધુ શક્તિશાળી છે.

સિંહાએ કહ્યુ હતું કે વડાપ્રધાને પોતની દિલ કી બાતને મન કી બાતની કોઈ પાસે પેટન્ટ કરાવીને તેને એક ઈવેન્ટ બનાવી દીધી છે.આજે દેશમા એવું ખોફનાક વાતાવરણ છે કે જો તમે આ વ્યક્તિને ટેકો ન આપો તો તમારે દેશદ્રોહી તરીકે ઓળખાવા માટે તૈયાર રહેવું પડે છે. અત્યાર સુધીમાં સરકારની નીતીઓ સાથે મંચ પરથી ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા.જેડીયુ સાંસદ અલી અનવરના પુસ્તકના વિમોચન પ્રસંગે મંચ પરથી સિંહાની સાથે સીપીઆઈ-એમ ના નેતા સીતારામ યેચુરી,જેડીયુના બળવાખોર નેતા શરદ યાદવ તેમજ અન્ય લોકો હાજર હતા.

ટીકાત્મક અદામાં સિહાએ કહ્યુ હતું કે આજકાલ દેશમાં એક જ સુત્ર ગુંજી રહ્યું છે.ના જીઉંગા, ના જીને દુંગા. સિહાએ કહ્યુ હતું કે મે ક્યારેય પ્રધાનપદું મેળવવાની અપેક્ષા રાખી નહોતી. નોટબંધી અને જીએસટીની વારંવાર ટીકાના સંદર્ભમાં બચાવ કરતાં તેમણે કહ્યુ હતું કે જો એક વકીલ નાણાંમંત્રી બની શકે,એક ટીવી એકટ્રેસ એચઆરડી પ્રધાન બની શકે તો શા માટે હું આવા મુદ્દા પર ટીપ્પણી ન કરી શકું ?

## વંદે માતરમ બોલો અથવા દેશ છોડો : દલિત નેતા કાન્ચા ઈલૈયાને ધમકી

તેલંગાણા જગિટલ જિલ્લામાં આવેલા કોરુટલા ટાઉનની કોર્ટે બહાર આક્રમક જમણેરી કાર્યકરો દ્વારા દલિત નેતા અને લેખક કાન્ચા ઈલૈયા પર હુમલાનો પ્રયાસ કરાવામાં આવ્યો હતો.હુમલાખોરો તેમને વંદેમાતરમ બોલો અથવા ભારત છોડો એવુ કહીને ધક્કે ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો.પોલીસે તરતજ તેમને કોર્ડન કરીને ટોળાના હુમલાથી બચાવ્યા હતા. ઈલૈયાએ આક્ષેપ કર્યો હતો કે તેમની પર હુમલો કરનારા આર્ય વૈશ્ય સમુદાયના તેમજ ભાજપના કાર્યકરો હતા.એક તબક્કે લોકોએ તેમના ટુકડે ટુકડા કરવાની ધમકી આપી હતી.જો ભારતમાં રહેવું હોય તો વંદે માતરમ બોલવું પડશે તેવી ધમકી અપાઈ હતી. પ્લેકાર્ડ અને કેસરી ધ્વજ લઈને કેટલાક યુવકો તેમને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો અને તેમની વિરુધ્ધ સુત્રો પોકાર્યા હતા.તાજેતરમાં નેશનલ ડે પ્રસંગે વડાપ્રધાને વાણી સ્વાતંત્ર અને અભિવ્યક્તિ સ્વાતંત્રતા માટે જાહેરમાં ખાત્રી આપી હતી.

વડાપ્રધાન મોદીએ નેશનલ પ્રેસ ડે પ્રસંગે પોતાના જોરદાર વ્યક્તવ્યમાં દેશમાં વાણી સ્વાતંત્રતા અને અભિવ્યક્તિ સ્વાતંત્રતાનું હનન કરનારાઓને કોઈપણ ભોગે ચલાવી લેવાય નહીં તેવું કહ્યુ હતું. તેના થોડાક કલાકોમાં તેમના જ લોકોએ તેમના વ્યક્તવ્યનું ચીર હરણ કર્યુ છે.વડાપ્રધાનના જાહેરમાં અપાતા તમામ પ્રકારના વચનો માત્ર કહેવા પુરતા જ છે કે ખાલી લોકોને ખુશ કરવા માટેના છે.હકીકતમાં તેમાનું કશું બનતું નથી.છાશવારે તેમના જ કાર્યકરો કાયદો હાથમાં લઈને હિંસાચાર પર ઉતરી આવે છે. હવે તો આંગળી ઉઠાવનારની આંગળી કાપી લેવાની પણ કેટલાક નેતાઓ ધમકી આપી રહ્યા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ગૂજરાત વિધાનસભાની ચુંટણીઓમાં ખરેખરાનો જંગ જામ્યો છે.કોણ જીતશે તે નક્કી કહી શકાય તેવો વર્તારો જણાતો નથી.સત્તાસ્થાને બ`ઠેલો ભારતીય જનતા પક્ષ એડી ચોટીનું જોર લગાવી રહ્યો છે. જ્યારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આખુ ગુજરાત ખુંદી વળ્યા છે.આ વખતે કોગ્રેસને લોકોનો ટેકો મળી શકે તેવું વાતાવરણ ઉભુ થયું છે. પાટીદાર,ઓબીસી,પછાત વર્ગ,આદીવાસી વર્ગ અને બીજા કેટલાક વિરોધ પક્ષને સાથ આપી રહ્યા હોય તેવું દેખાઇ રહ્યુ છે.જો કે ભાજપ તેની આવડત મુજબ શામ,દામ,દંડ ભેદનો ઉપયોગ કરી રહ્યુ છે.પરંતુ પલડું કોની તરફ નમશે તે હજુ સુધી નક્કી દેખાતું નથી. પરિણામો બતાવશે કે પ્રજામત કોને મળ્યો.

## દેશમાં વેચાતા ૭૬ ટકા એલઇડી બલ્બસ જોખમી : સર્વે

સરકાર એલઈડીના વેચાણને પ્રોત્સાહન આપવા અનેક સ્કીમો લાવી રહી છે તેની વચ્ચે એક ચિંતાજનક સમાચાર એ છે કે ભારતમાં વેચાતા ત્રણ ચર્તુથાંશ લાઈડ ઈમીટીંગ ડિઓડ(એલઈડી) બલ્બસ ઉપયોગમાં જોખમી છે.ભારતના એક અબજ ડોલરના બજારમાં ૭૬ ટકા બલ્બ ખામી યુક્ત હોવાની બાબતે ચિંતા જન્માવે છે.

આ બલ્બસ સરકારના ગ્રાહક સલામતીના ધોરણોનું પાલન કરતાં નથી.તેવું એક માર્કેટ રિસર્ચ કરતી સંસ્થા નિલ્સને એક સર્વેમાં જણાવ્યુ હતું. અમદાવાદ,મુંબઈ,હૈદ્રાબાદ અને નવી દિલ્હીમાં ૨૦૦ જેટલા ઈલેકટ્રીકલ છુટક વેચાણ કેન્દ્રોનો જુલાઈમાં અભ્યાસ કર્યા બાદ આ રિપોર્ટ તૈયાર કરાયો છે .જેમાં જણાવાયું છે કે આ બલ્બસ જોખમી છે.રાજધાની દિલ્હીમાં આવા બલ્બ્સની સંખ્યા સૌથી વધુ છે અને ત્યાં સરકારના ધોરણોનું સૌથી વધુ ભંગ થયાનું જણાવાચયું છે. ખરાબ પેદાશોને કારણે સરકારની વેરાની આવક ઘટી રહી છે.રોકાણના હેતુઓને અસર થઈ રહી છે.તે ઈઝ ઓફ ડુંઈગ બિઝનેસ ફિલોસોફીની વિરુધ્ધમાં છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## મોદી તઘલખી જેવા પોતાના સિક્કા પાડવા અણઘડ રીતે નોટબંધી લાગુ કરી છે : યશવંતસિંહા પુર્વ નાણાંમંત્રી

ભાજપની એનડીએ સરકારમાં જ નાણાંમંત્રી રહી ચુકેલા યશવંત સિંહાએ એવી ગંભીર ભીતી વ્યક્ત કરી છે કે અણઘડ રીતે લાગુ કરાયેલા જીએસટી અને નોટબંધીના પગલાંને કારણે માંડ માંડ એક પગ પર ઉભા રહેલા દેશના અર્થતંત્રની હાલત ખરાબ કરી નાંખી છે.જો ક્રુડના ભાવ બેરલ દીઠ ૭૦ ડોલર પર પહોચશે તો નાણાંકીય વ્યવસ્થા ખોરવાઈ જશે.વડાપ્રધાન મોદીને દિલ્હીથી દોલતાબાદ રાજધાની લઈ જનારા સુલતાન મહંમદ તઘલખ સાથે સરખાવતાં એવા ચાબખા માર્યા હતા કે અગાઉના શહેનશાહો આવ્યા ત્યારે તેમણે પોતાના નામના સિક્કા શરુ કર્યા હતા. પરંતુ તેઓ એટલા શાણાં હતા કે જુના સિક્કા ચાલુ રાખ્યા હતા.અને આમણે તો બધું જ નવું કર્યું તેના કારણે બધી મોકાણ સર્જાઈ છે.દેશમાં લાખો બેરોજગાર થઈ ગયા છે. અને કરોડો વેપારીઓ જીએસટીના અટપટા ફોર્મના કારણે ધંધા બંધ કરે કે જેલમાં જાય તેવી સ્થિતિ છે.

લોકશાહી બચાવો અભિયાનના ઉપક્રમે અમદાવાદના ઠાકોરભાઈ દેશા હોલમાં યશવંતસિંહાએ પ્રબુધ્ધ નાગરિકો સમક્ષ અર્થતંત્રની હાલત કેમ કથળી રહી છે તેના કારણો રજુ કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે નોટબંધીએ એવો જોરદાર હથોડો માર્યો છે કે બ્લેક મનીના બદલે આપણા હાથ-પગ તુટી ગયા છે. ઉપરથી ૧.૮ મિલિયન બેંક ખાતાની તપાસ ચાલુ કરવામાં આવી છે જેથી ભારત ચોરોનો દેશ છે તેવો સંદેશ જઈ રહ્યો છે.લાખો કેસ કર્યા છે તેને કાળુ નાણું મનાય છે પરંતુ તે કેસ આગળ વધશે તેમ તેમ તે કાળુ ધન હશે કે કેમ તે કહેવું મુશ્કેલ બનશે.

જીએસટીની તરફેણ કરતાં સિંહાએ કહ્યુ હતું કે હું નાણાંમંત્રી હતો ત્યારે તે લાગુ કરવાની ભલામણ કરી હતી. પરંતુ આ સરકારે વિચાર્યા વગર ફોર્મ બનાવ્યા કે લાખો કરોડો લોકો વેપારીઓ એવા છે જે ભરી શકે તેમ જ નથી.જેના કારણે તેમની પાસે જેલમાં જવાનો કે ધંધા બંધ કરી દેવાના એમ બે જ વિકલ્પ રહ્યા છે.જ્યારે જીએસટી લાગુ કરાયો ત્યારે દેશના સ્વાતંત્ર્ય પર્વ જેવો ઐતિહાસિક પ્રસંગ હોય તેમ જીએસટી લાગુ કરાયો પણ હવે તેની મુળભુત ખામીઓને લઈને જ સુધારાઓ થઈ રહ્યા છે.કરુણતા એ છે કે ભુલો કરી છે તે પાછા સ્વીકારતા નથી પણ હજુ પણ તેઓ એવું કહે છે કે પહેલા જં હતું તે પણ સારુ હતુ અને નવું કર્યુ તે પણ સારુ છે.તો પછી દરો બદલવાની કેમ જરુર પડી. શું આવો જ હતો તમારો ઐતિહાસિક ફેસલો કે વારે ઘડીએ તેમાં ફેરફાર કરવાની જરુર પડે

સિંહાએ કહ્યુ હતું કે હવે ચુપ રહી શકાય તેમ નથી. અમે જ સાચા તેવી શેખી મારનારા કહે છે કે પહેલા કશું જ થયુ નથી પરંતુ પહેલા બાજપાઈની સરકાર હતી તે પણ ભુલી ગયા. જો તેમણે કશું જ કર્યું નથી તો તેમને ભારત રત્ન કેમ આપ્યો તેવો સવાલ કરતાં તેમણે કહ્યુ હતું કે અઠી લોકોની સંમતિથી નહીં પણ વિપક્ષ અને ખાસ તો લોકોની સહમતી પણ નિર્ણયોમાં હોવી જોઈએ. બધાનો સાથ તો જોઈએ પણ બધાથી મુક્ત થઈને પોતાનો જ વિકાસ થાય તે નહીં ચાલે.

દેશના વડાપ્રધાને જે વાયદા કર્યા છે તે બધા હવે ૨૦૨૨માં પુરા કરવાનું કહે છે. પરંતુ પ્રજા તેમાં મંજુરી આપતી નથી.કારણકે સરકાર પાંચ વર્ષ માટે જ હોય છે.અને તેમાં ૩ વર્ષ થઈ ગયાં છે તેથી ૨૦૧૯ ની ચુંટણીમાં જ હિસાબ આપવો પડશે.૧૫ લાખ કરોડના પ્રોજેકટ અટવાયેલા પડ્યા છે. અને બેન્કોની એનપીએ વધી રહી છે. ખાનગી રોકાણ નગણ્ય થઈ ગયું છે. અને સરકાર એકલા હાથે રોકાણ કરીને અર્થતંત્રને ધમધમતું કરી શકે તેટલી ક્ષમતામાં નથી.ઈન્ડ્રસ્ટીયલ પ્રોડકશન ધીમું પડી ગયું છે.અર્થ વ્યવસ્થા એ હાલત પર છે કે નવી રોજગારીની તકો ઘટી ગઈ છે.અને એક જાળમા ફસાઈ ગયા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.જો એક ભયાનક દ્રશ્ય છે જેની ચિંતા થવી જોઈએ. ૨૦૧૪માં ક્રુડઓઈલના ભાવ બેરલ દીઠ ૨૯ ડોલર થઈ ગયા ત્યારે એક અવસર મળ્યો હતો.ત્યારે જનતાને ફાયદો પહોચાડવાનો હતો.ત્યારે ટેક્ષ પર વસુલી લીધા હવે તે મોકો આપણે ગુમાવી દીધો છે. દેશની આંતરિક વ્યવસ્થા હવે ભાંગી પડી છે.સેવીગ્સ ભાંગી પડ્યું છે.ટ્રમ્પ આવીનો ભારતની પ્રગતિ કે વિકાસ કરવાના નથી તે ભારતમાંથી જ થવાનો છે.અર્થ વ્યવસ્થામાં તોફાન પહેલાંની શાંતિ છે.અને જો ડોલરના ભાવ ૭૦ થાય થઈ જાય તો નાણાંકીય વ્યવસ્થા તંત્ર ખોરવાઈ જવાની વાર લાગશે નહીં.

સિંહાએ કહ્યુ હતું કે પીએમ મોદીના નોટબંધીના પ્રવચનમાં કેશલેસ ઈકોનોમી અને ડીજીટલ ઈન્ડીયાની વાત જ ન હતી.બલ્કે બ્લેક મની, કાશ્મીરનો પથ્થરમારો વિગેરે વાતો કરતા હતા.તેના બદલે નોટબંધી પછી જે હાલત થઈ તેના કારણે કેશલેશ થઈ ગયેલા દેશના લોકો સમક્ષ કેશલેસ વ્યવહારોની વાતો કરવા લાગ્યો.જેટલી નાણાંમંત્રી છે પણ ગુજરાતી નથી. ખાલી ગુજરાતમાંથી ચુંટાઈ આવે છે જે ગુજરાતીઓ પર બોજ છે.જો તેઓ ના ચુંટાયા હોત તો કોઈ ગુજરાતના વ્યક્તિને જ તક મળી હોત. તેના રાજીનામાંની માંગણી પણ થઈ રહી છે.

## ભુકંપ વિરોધી કોકિટનું પરીક્ષણ કરાશે :નવીનતમ કોક્રીટ પરીક્ષણમાં સફળ બનશે તો ભુકંપ વિરોધી મકાનો બની શકશે.

સંશોધકોએ ભુકંપનો સામનો કરી શકે તેવું કોક્રિટ વિકસાવ્યુ છે.જેનુ પરિક્ષણ ઉત્તરાખંડની એક શાળાની ઈમારતમાં કરવામાં આવશે.આ નવીનતમ કોક્રિટ ભુકંપનો સામનો કરવા અભુતપુર્વ મજબુતી ધરાવે છે એવો દાવો બ્રિટિશ કોલમ્બિયા યુનીવરસીટીના સંશોધકો દ્વારા કરવામાં આવ્યો છે.પરિક્ષણમાં સફળતા મળે ભુકંપગ્રસ્ત વિસ્તારો માટે ભુકંપવિરોધી બાંધકામ ફાયદાકારક બનશે.

## ઇન્ટરનેશનલ કોર્ટે ઓફ જસ્ટીસમાં ભારતના દલવીર ભંડારીનો વિજય

સંયુકત રાષ્ટ્ર ખાતે ઈન્ટરનેશનલ કોર્ટે ઓફ જસ્ટીસમાં ભારતના દલવીર ભંડારીનો વિજય થયો હતો.સંયુક્ત રાષ્ટ્ ના ઈતિહાસમાં ૭૦ વર્ષમાં પહેલીવાર બ્રિટન ઈન્ટરનેશનલ કોર્ટે ઓફ જસ્ટીસમાં નહીં હોય.પહેલીવાર એવું બન્યું છે કે સંયુક્ત રાષ્ટ્ર પરિષદના પાંચ કાયમી સભ્યો પૈકીનો એક દેશ એક સામાન્ય સભ્ય દેશની સામે પરાજિત થયો છે.દલવીર ભંડારી રાજસ્થાનના જોધપુરમાં જન્મેલા છે. અને તેમના પિતા અને દાદા રાજસ્થાન બાર એસોસીયેશનના સભ્ય હતા.ભારતમાં અભ્યાસ કર્યા બાદ તેઓ અમેરિકાના શિકાગો સ્થિત નોર્થ વેસ્ટર્ન યુની.માં કાયદાની માસ્ટર ડીગ્રી હાંસલ કરી હતી.તેઓએ રાજસ્થાન હાઈકોર્ટમાં વકીલાત કહી હતી.તેઓએ મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે પણ સેવાઓ આપી હતી.તેઓ સુપ્રીમ કોર્ટેના જજ બન્યા બાદ આંતરરાષ્ટ્રીય અદાલત માટે યોજાયેલી ચુંટણીમાં વિજયી બન્યા હતા

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઇ શકે. કોઇ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઇ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઇ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, ‘‘શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.’’ આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઇએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઇ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઇને કોઇએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઇએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઇતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય.

આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઇચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઇચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સજર્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.

સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેંડુલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી. ડો. અશોક પટેલ(સૌ.)


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ગુજરાતનો વિકાસદર સતત ઘટી રહ્યો છે : ભ્રષ્ટાચાર હવે જુની બંધ થયેલી નોટોના બદલે નવી રુ.૨૦૦૦નીનોટથી થાય છે : પુર્વ મંત્રી ચિદમ્બરમ

નોટબંધી ભારતીય અર્થતંત્ર પર કુઠારાઘાત સાબિત થયો છે. અને જીએસટીનો જે સ્વરુપે અમલ થયો છે તેને જીએસટી ગણી જ ના શકાય એમ ભુતપુર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમે અમદાવાદની મુલાકાત દરમિયાન જણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે નોકરીઓનું સર્જન થવાના બદલે નોકરીઓ ઘટી રહી છે.તેથી યુવાનોમાં આક્રોશ છે અને તેના કારણે યુવા આંદોલનકારોને સાંભળવા લોકો એકઠાં થાય છે.ગુજરાતનો વૃધ્ધિદર છેલ્લા ચાર વર્ષમાં તળીયે પહોચ્યો છે તેવા આંકડાઓ તેમણે આપ્યા હતા.

પી.ચિદમ્બરમે કહ્યુ હતું કે નોટબંધી દ્વારા કાળુ નાણું, ભ્રષ્ટાચાર અને નકલી નોટોને ડામવાનો કેન્દ્ર સરકારનો દાવો વાહિયાત છે. ફરીથી કાળુ નાણું જનરેટ થયું છે. અને ભ્રષ્ટાચાર રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટના બદલે હવે રુ.૨૦૦૦ની નોટથી થાય છે. દેશમાં નકલી નોટો પણ પકડાઇ રહી છે. આમ નોટબંધી સંપુર્ણ નિષ્ફળ પગલું નિવડ્યું છે.અને દેશનો જીડીપી વૃધ્ધિદર તળીયે પહોચ્યો છે.જાન્યુ.૨૦૧૬ થી જુ.૨૦૧૭ સુધીના છ ક્વાટરમાં જીડીપી વૃધ્ધિદર ૯.૧ ટકાથી ઘટીને ૫.૭ ટકા પર આવી ગયો છે. ડો.મનમોહનસિંહ સરકારના પ્રથમ પાંચ વર્ષનો સરેરાશ જીડીપી વૃધ્ધિદર ૯.૫ ટકા હતો.જે અત્યાર સુધીમાં પાચં વર્ષનો સૌથી શ્રેષ્ઠ વૃધ્ધિદર છે. યુપીએ સરકારના ૧૦ વર્ષનો સરેરાશ વૃધ્ધિદર ૨૦૦૮ની વૈશ્વિક મંદી અને ત્યારબાદ યુરોપિયન કટોકટી છતાં ૭.૫ ટકા નોધાયો હતો અને અમે સત્તા છોડી ત્યારે ૬.૪ ટકા જીડીપી વૃધ્ધિદર૬.૫ ટકા ફુગાવો અને ૪.૮ ટકા ફિસ્કલ ડેફીસીટ હતી. જો કે સારી વિકેટ પર અગાઉના બેટ્સમેનો સારી બેટીંગ કરી ગયા હોય ત્યારે નવા આવનારા બેટ્સમેનને માત્ર તે ટકાવી રાખવાની જરુર હોય છે.તેમણે નવું કરવાની કોઇ જરુરત હોતી નથી. જો કે નરેન્દ્ર મોદીના શાસન હેઠળની સરકાર વધુ સારા અમલીકરણ, ઝડપી નિર્ણયો અને ઉર્જા પુરવામાં નિષ્ફળ નીવડી છે.અને નોટબંધીએ સૌથી વધુ રોજગારીનું સર્જન કરતાં માઇક્રો અને નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોની કમર તોડી નાંખી છે.નોટબંધીના કારણે દેશમાં ૧૯.૬૦ લાખ નોકરીઓ ગઇ છે.

શિક્ષણ,બાળ મૃત્યુદર,જેન્ડર રેશિયોમાં મહારાષ્ટ્ર,તામિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યો ગુજરાતથી ઘણા આગળ છે. ગુજરાતની માથાદીઠ આવક પણ મહારાષ્ટ્ર અને તામિલનાડુથી ઓછી છે.અને કેરળ જેવા નાના રાજ્યોને સમકક્ષ છે. એમ તેમણે કહ્યુ હતું. રાજ્યમાં નવી નોકરીઓનું સર્જન થઇ રહ્યું નથી તેથી યુવાનોમાં આક્રોશ છે એમ તેમણે ઉમેર્યું હતું.જીએસટી વિશે બોલતાં તેમણે કહ્યુ હતું કે આ સરકાર જે જીએસટી લાવી છે તે અમે ૨૦૦૫માં જાહેર કરેલો જીએસટી નથી. શુન્ય, ત્રણ, પાચં,૧૨,૧૮,૨૮.૪૦ અને ઉપરાંત સેસ એ જીએસટી ના કહી શકાય. એક વર્ષમાં ૩૭ રિર્ટન ભરવા પડે અને જો કોઇ ઉદ્યોગગૃહ સમગ્ર દેશના તમામ ૨ ાજયોમાં વેપાર કરતું હોય તો તેણે કુલ ૧૦૦૦ રિર્ટન ભરવા પડે એ કઇ રીતે જીએસટી કહેવાય ? આ જીએસટી નથી પરંતુ ભાજપની ખીચડી છે.ચુંટણીના કારણે તેમાં કેટલાક ફેરફાર કરવા પડ્યા છે તેથી હું ગુજરાતનો આભારી છું.

# ગાંધી હત્યા કેસમાં તુષાર ગાધીને તેમનુ વલણ સ્પષ્ટ કરવા સુપ્રીમ કોર્ટે કહ્યું

સુપ્રીમ કોર્ટે મહાત્મા ગાંધીની હત્યાના ૭૦ વર્ષ જુના કેસમાં ફરી તપાસ કરવાની અરજી સામે વિરોધ કરનાર તેમના પ્રપૌત્ર તૃષાર ગાંધીને તેમના વલણ અંગે સવાલ કર્યો હતો.આ મામલે સુપ્રીમ ગયેલા ગાંધી કહ્યુ હતું કે તેઓ કેસમાં તેમની સ્થિતિ સ્પષ્ટ કરી શકે છે.અરજીનો વિરોધ કરતાં તેમણે ઉમેર્યું હતું કે કેસને ફરી ખોલવાનો કોઇ મુદ્દો જ નથીી.આ મામલે એક સિનિયર એડવોકેટને એમિક્સ ક્યુરી તરીકે નીમી ચુકેલી સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે આ કેસમાં આગળ વધતાં પહેલાં તેઓ રિપોર્ટની રાહ જોશે.આ કેસમાં કેટલાક કિંતુ અને પરંતુ છે. તેથી તે જરુરી છે.

## જાણવા જેવું !

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઇંચ જેટલો વધે છે.

જીરાફની જીભ ૨૧ ઇંચ લાબી હોય છે.

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.


ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઇંચ જેટલો વધે છે.

જીરાફની જીભ ૨૧ ઇંચ લાબી હોય છે


# રાકેશ અસ્થાનાની સીબીઆઇની નિયુક્તિને પડકારની અરજીનો ચુકાદો ૨૮મીએ આવશે

ગુજરાત કેડરના આઇપીએસ અધિકારી રાકેશ અસ્થાનાની સ્પેશીયલ ડીરેક્ટર સીબીઆઇમા નિમણુંકને પડકાતી અરજચી પર સુપ્રીમ કોર્ટે ૨૮મીએ ચુકાદો આપશે.એનજીઓ કોમન કોઝના વકીલ પ્રશાંત ભુષણ અને અરજીનો વિરોધ કરી રહેલા એટર્ની જનરલની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આદેશ અનામત રાખ્યો હતો તેનો ચુકાદો ૨૮મી તારીખે આપશે.


લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે
ડિઝાઇનર કાર મળશે
મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# રાષ્ટ્રવાદી પરિબળોથી દેશને બચાવવા પ્રાર્થના કરવાની અપીલ સાથે આર્ક બિશપે કહ્યુ કે દેશનો લોકશાહી અને બિનસાંપ્રદાયિક ઢાંચો દાવ પર છે

ભારતના બિનસાંપ્રદાયિક અને લોકશાહી ઢાંચો અત્યારે દાવ પર છે. તેવો ચોકાવનારો ઉલ્લેખ કરીને આર્કબિશપ થોમસ મેકવાને સમગ્ર દેશના ખ્રિસ્તીઓને વિનંતી કરી છે કે ભારતને રાષ્ટ્રવાદી પરિબળોથી બચાવવા તેઓ દેશના બંધારણને વફાદાર હોય તેવા માનવીય નેતાઓને વિજેતા બને તેવી પ્રાર્થના કરે.

પોતાના સત્તાવાર સંદેશામાં ચર્ચમાં જતા તમામ વ્યક્તિ,પાદરીઓ અને અન્યોને ઉલ્લેખી તેમણે ગુજરાતની ચુંટણીને દેશનું ભાવિ બદલનાર મહત્વપુર્ણ ઘટના તરીકે જણાવી છે.અલબત્ત, આ પત્રમાં કોઈ રાજકીય પક્ષો કે નેતાઓને મત આપવાનો સહેજ પણ ઉલ્લેખ કર્યો નથી. છતાં ગુજરાતમાં ચુંટણી જાહેર થઈ ગઈ હોવાની તેમણે સ્પષ્ટ નોધ લીધી છે.

તેમણે લખ્યું છે કે "ગુજરાતમાં ચુંટણીઓની તારીખ જાહેર થઈ ગઈ છે.આ ચુંટણીના પરિણામો ખુબજ મહત્વના છે અને તેની અસરો આપણા સમગ્ર દેશ પર પડવાની છે.તે આપણા દેશના ભાવિ પર પણ અસરો નિપજાવી શકે છે.આપણે જાણીએ છીએ કે દેશનો લોકશાહી અને બિનસાપ્રદાયિક ઢાંચો દાવ પર છે.માનવ અધિકારોનું હનન થઈ રહ્યુ ં છે.બંધારણીય અધિકારો રગદોળાઈ રહ્યા છે.ચર્ચ, ચર્ચ જતાં લોકો કે આપણા ધર્મ સ્થાનો પર હુમલો ન થયો હોય તેવો એકપણ દિવસ જતો નથી. લઘુમતી,ઓબીસી, પછાત વર્ગ અને ગરીબોમાં અસલામતીની ભાવના વધી રહી છે. રાષ્ટ્રવાદી પરિબળો દેશ પર કબજો જમાવી દેવાની તૈયારીમાં છે ગુજરાત વિધાનસભાની ચુંટણીના પરિણામ નોંધપાત્ર ફેર પાડી શકે છે.

દરેક પાદરીએ પોતના પેરિશ( ધર્મક્ષેત્રમાં) ભારતના બંધારણને વફાદાર રહે,કોઈ ભેદભાવ વિના તમામ મનુષ્યનો આદર કરે તેવા લોકો ગુજરાતની વિધાનસભામાં ચુંટાય તેવી પ્રાર્થના યોજવા તેમણે અનુરોધ કર્યો છે.પ્રત્યેક વ્યક્તિ, સમુદાય, પરિવાર અને પેરિશ સ્તરે હોલી રોઝમેરીની પ્રાર્થના કરવાથી સબ સલામત થઈ શકે છે.તેવો તેમણે દાવો કર્યો અને સાથે ઈતિહાસનો પણ તેમણે હવાલો આપ્યો હતો. તેમણે કહ્યુ હતું કે અન્ય ધર્મના લોકો દ્વારા ચડાઈ થઈ ત્યારે યુરોપમાં આ પ્રાર્થનાથી લેપાન્ટોને લાભ થયેલો, મધર મેરીના સલામત હાથના પરિણામે અનેક દેશોમાં સામ્યવાદી અને આપખુદ સરકારો ઉથલી ગઈ છે. પોલેન્ડમાં ગર્ભપાતનું પ્રમાણ ૨૦ ટકાથી ઘટીને ૪ ટકા શક્ય બન્યું તેની પાછળ પણ મધર મેરીની પ્રાર્થના જવાબદાર હોવાનું તેમણે કહ્યુ હતું.

# દેશને કોગ્રેસમુક્ત કરવાનો ભાજપનો પ્રયાસ સફળ થયો નથી : શિવસેના

શિવસેના દ્વારા ભાજપ પર વધુ એક જોરદાર પ્રહાર કરાયો હતો. જેમાં શિવસેનાએ મધ્યપ્રદેશના ચિત્રકુટમાં યોજાયેલ પેટા ચુંટણીમાં કોગ્રેસે જે રીતે બાજી મારી લીધી હતી તેને લક્ષમાં રાખીને ભાજપના જ સાથીપક્ષ શિવસેનાએ તેની મજાક ઉડાવતાં કહ્યુ હતું કે કેન્દ્રમાં શાસક પ ક્ષ ભાજપના અનેક પ્રયાસો પછી પણ દેશ કોગ્રેસમુક્ત થઈ શક્યો નથી.કોગ્રેસે ચિત્રકુટ વિધાનસભા સીટની પેટા ચુંટણીમાં જવલંત વિજય મેળવ્યો હતો.કોગ્રેસના ઉમેદવારે ૧૪૦૦૦થી વધુના મતોની સરસાઈ સાથે આ જીત મેળવી હતી.આ મુદ્દે શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં લખાયેલા સંપાદકીયમાં જણાવ્યુ છે કે ભલે ભાજપ મધ્યપ્રદેશમાં મોટું નુકશાન વેઠ્યું છે અને દેશને કોગ્રેસમુક્ત કરવાની ચિંતા તો હજુ પણ યથાવત રહી છે.કોગ્રેસના ઉમેદવાર નિલાંશુ ચર્તુવેદીએ તેમના ભાજપના હરીફ શંકર દયાળ ત્રિપાઠીને આ પેટાચુંટણીમાં પરાજિત કર્યો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


# સૌને પ્રભાવિત કરવાના ઉધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ ાપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર
(સૌ.સંદેશ)


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.